<u>નોટીસ</u>

શ્રી એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ
સુરેન્દ્રનગર તા.૧૭/૦૩/૨૦૨૦

આથી કોલેજના તમામ વિધાર્થી ભાઈ / બહેનોને જણાવવામાં આવે છે કે, સામાન્ય પ્રવાહના તેમજ વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓની બાકી ઈન્ટરનલ / પ્રેકટીકલ/ સૌ.યુનિ.ની લેખિત પરીક્ષાઓ સરકારશ્રી તેમજ સૌ.યુનિ.ના કુલસચિવશ્રીના સરકયુલર / પરિપત્ર અનુસાર હાલમાં કોરોના વાઈરસ કે જેને **WHO** દ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે. તે ધ્યાને લઈને મળેલ સુચનાનુસાર મોકૂફ રાખવામાં આવે છે. પરીક્ષાઓની નવી તારીખ સરકારશ્રી તેમજ સૌ.યુનિ.ના કુલસચિવશ્રી દ્વારા જાહેર કર્યે જાણ કરવામાં આવશે. જાણ બદલ પોતાના નામ સામે સહી કરશોજી.

પ્રિન્સીપાલ
એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ
સુરેન્દ્રનગર

Accredited Grade "A" by NAAC (3rd Cycle)

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road, Rajkot – 360005
PhoneNo.: (0281) 2578501 FAX No.: (0281) 2576347
E-mail Id: registrar@sauuni.ac.in

# પ્રેસ નોટ:-

કોરોના વાયરસ-૨૦૧૯ અંગે તકેદારીનાં ભાગરૂપે રાજ્ય સરકારશ્રીએ લીધેલ પગલાં સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ નિર્ણય.

૧) તા.૧૬/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી કોલેજો/ભવનો માં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

૨) ઉપર્યુક્ત સમયગાળા દરમ્યાન સ્ટાફએ રાબેતા મુજબ આવવાનું રહેશે.

૩) હાલ, જે પ્રથમ તબક્કાની પરીક્ષાઓ તા.૧૨/૦૩/૨૦૨૦ થી ચાલુ છે, તે રાબેતા મુજબ ચાલુ રહેશે.

૪) તા.૨૩/૦૩/૨૦૨૦ કે તે પછીથી શરૂ થતી તમામ પરીક્ષાઓની જે તારીખો જાહેર થયેલ છે તે પરીક્ષાઓની નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

૫) વધુમાં, રાજ્ય સરકારશ્રી તરફથી જે કઈ સૂચના જારી કરવામાં આવશે, તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અસરકર્તા રહેશે.

તા.૧૫/૦૩/૨૦૨૦
રાજકોટ.

કુલસચિવ

Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY

University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 FAX No.: (0281) 2576347
E-mail Id: registrar@sauuni.ac.in

તા.૧૬/03/૨૦૨૦

નં. ૨ /૧૯૭/૨૦૨૦

વંચાણે લીધેલ:-

૧) શિક્ષણ વિભાગનાં પત્ર ક્રમાંક: CRN/102020/15032020/KH2, તા.૧૫/03/૨૦૨૦

૨) શિક્ષણ વિભાગનાં જાહેરનામા ક્રમાંક: પરચ/૧૧૨૦૨૦-૧૫૧-વ.૨

3) Guidelines regarding the precautions to be under taken by all higher education institutions in the Gujarat to prevent the COVID-19 (Novel Corona virus)

પરિપત્ર:-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તથા માન્ય સંસ્થાઓને જણાવવામાં આવે છે કે, હાલમાં કોરોના વાઇરસ કે જેને WHO દ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ આમુખ (૧), (૨) તથા (3) ને ધ્યાને લઇને મળેલ સૂચનાઓ અનુસાર તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે.

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૧૨/03/૨૦૨૦ થી ચાલુ થયેલ પ્રથમ તબક્કાની સત્રાંત પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવેલ છે.

૨) B.Sc. Semester-4 ની પ્રાયોગિક પરીક્ષાઓ જે હાલ ચાલુ છે તે પણ યથાવત રહેશે અને તે સિવાયની તમામ પ્રાયોગિક પરીક્ષાઓની નવી તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે.

3) તા.૨3/03/૨૦૨૦ કે તે પછીથી શરૂ થતી તમામ પરીક્ષાઓની જે તારીખો જાહેર થયેલ છે તે પરીક્ષાઓની નવી તારીખો હવે પછીથી જાહેર કરવામાં આવશે. આ બાબતે અત્રેની વેબસાઈટ www.saurashtrauniversity.edu અચૂકથી જોતા રહેવા જણાવવામાં આવે છે.

૪) ઉપરોક્ત દર્શિત સમયગાળા દરમ્યાન ભવનો, કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો, માન્ય સંસ્થાઓ ખાતે શૈક્ષણિક કર્મચારીઓ તથા વહિવટી કર્મચારીઓએ રાબેતા મુજબ ફરજ પર હાજર રહેવાનું રહેશે.

૫) રાજ્ય સરકારશ્રી તરફથી વખતોવખત જે સૂચનાઓ મળે તેનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૬) આ સાથે સામેલ Precautions to be undertaken by all higher education institutions in Gujarat to prevent the spread of COVID-19 (Novel Corona Virus) ની અમલવારી કરવા અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

કો. કુલસચિવશ્રી

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ.

નકલ જાણ સારું રવાના:-

મા.કુલપતિશ્રી/મા.ઉપ-કુલપતિશ્રી/મા.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ.

કોરોના વાયરસ(COVID-19) અન્વયે રાજ્યની તમામ
શાળાઓ તથા કોલેજો તારીખ ૧૬-૦૩-૨૦૨૦ થી
તારીખ:૨૯-૦૩-૨૦૨૦ સુધી બંધ રાખવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૪/૦૩/૨૦૨૦

**જાહેરનામુ ક્રમાંક-પરચ-૧૧૨૦૨૦-૧૪૧-વ.ર**

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો માણસથી માણસ દ્વારા ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. ત્યારે આ વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આજ રોજ મળેલ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયાનુસાર તાત્કાલિક અસરથી રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયત્તસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં **તા.૧૬-૦૩-૨૦૨૦ થી ૨૯-૦૩-૨૦૨૦** સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવે છે.

(૧) આ સૂચના અંતર્ગત હાલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઈ. દ્વારા ચાલી રહેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાને લાગુ પડશે નહીં.

(૨) કોઈપણ શાળામાં વાર્ષિક પરીક્ષાઓ ચાલુ થઈ ગઈ હોય તો આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) જે આ પરીક્ષાઓ ચાલુ ન હોય તેવી બાકી તમામ શાળાઓમાં તા.૩૦-૦૩-૨૦૨૦થી પરીક્ષાઓનુ આયોજન કરવાનુ રહેશે. સરકારી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૦-૦૩-૨૦૨૦થી શરૂ થનાર વાર્ષિક પરીક્ષાઓનુ સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા નવેસરથી પરીક્ષાનુ સમય પત્રક આગામી બહાર પાડવાનુ રહેશે.

(૪) આ સૂચના અન્વયે હાલમાં ચાલી રહેલ કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે. પરંતુ જે કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ ચાલુ ન થઈ હોય તેવી કોલેજો/યુનિવર્સિટીઓની પરીક્ષાઓનુ તા.૩૦-૦૩-૨૦૨૦ પછી આયોજન કરવાનુ રહેશે.

(૫) જ્યારે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી સહિત તમામ સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓએ જે તે સંસ્થા ખાતે ફરજ પર હાજર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ**

(૧) **નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં.૯,ડો.જીવરાજ મહેતા ભવન,** ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) **નિયામકશ્રી,** ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) **સ્ટેટ પ્રોજેક્ટ** ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં.૧૭, ગાંધીનગર
(૫) **સચિવશ્રી,ગુજરાત** માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં.૧૦બી, ગાંધીનગર
(૬) **નિયામકશ્રી,પ્રાથમિક** શિક્ષણની કચેરી,બ્લોક નં.૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭) **નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક** સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં.૧૨ ગાંધીનગર